


# વર્ષાઋતુમાં ખીલી ઊઠતું રંગીલું રાજ્ય

કાળા ભમ્મર મેઘ વિશાળ આકાશમાં છવાતા જાય છે. વેગથી વાતો પવન અડાબીડ જંગલનાં વૃક્ષોમાં એક કંપન ઉત્પન્ન કરી જાય છે. પંખીઓ મૌન છે. લાંબા સમયથી તરસી ધરતી પણ જાણે પોતાનો શ્વાસ રોકીને બેઠી છે વીજળીના કડાકાભડાકાના અવાજની પ્રતીક્ષામાં. હા, અવાજ... સૃષ્ટિને જીવન આપતી ઋતુ એટલે કે પહેલા વરસાદના સંદેશાનો અવાજ.

ચોમાસાની ઋતુમાં ખીલી ઊઠતું રાજસ્થાનનું સૌંદર્ય હજી પણ વિશ્વથી છૂપું છે. ભારતનાં સૌથી વધુ ગરમ રાજ્યોમાંના એક એવા રાજસ્થાનમાં પ્રવાસીઓ શિયાળાની મોસમમાં મોટી માત્રામાં ઊમટી પડે છે, પણ ચોમાસામાં સૌંદર્ય અને પ્રકૃતિનું કેન્દ્રબિંદુ બની જતા મરુભૂમિના રાજ્ય વિશે વર્ષાઋતુમાં માણવા જેવાં અહીંનાં છૂપા ખજાના જેવાં સ્થળો વિશે અજાણ છે.

વરસાદ જાણે આ રંગીલા રાજ્યનું રૂપ પલટી નાખે છે. એમાં સૌથી મહત્ત્વનું રૂપાંતર છે દક્ષિણ રાજસ્થાનમાં આવેલા અરવલ્લીની પર્વતમાળાનાં ગાઢ જંગલોમાં જોવા મળતી લીલા રંગની છટા. અહીંનાં લીલાંછમ ઉદ્યાનો, અમૃત જેવાં પાણી સાથે વહેતી નદીઓ અને આખું વર્ષ સતત તપતા ને ઊકળતા એવા થરના રણના પણ અમુક ભાગમાં જીવન છલકતું દેખાય છે. આ ઋતુ અનેક તળાવ, કુંડ અને નાનાં-નાનાં જળાશયોને જાણે નવજીવન આપી આસપાસનાં સૌંદર્યમાં અનેકગણો વધારો કરે છે.

નજર પહોંચે ત્યાં સુધી, દૂરસુદૂર સુધી ફેલાયેલાં વિશાળ રણો માટે પ્રખ્યાત આ રાજસ્થાનમાં જળને પવિત્ર ગણી એની પૂજા થાય છે. કળા ને સંસ્કૃતિથી છલકાતા આ રાજ્યમાં ચોમાસું એટલે તહેવારનો અવસર બની જાય છે. તાપથી અકળાતા આ રાજ્યની જમીનનો વર્ષાઋતુમાં જાણે જીર્ણોદ્ધાર થાય છે ત્યારે અહીંના પ્રકૃતિ સાથે સુસંગત જીવન જીવતા લોકો દ્વારા સારા પાક માટે અને એમનાં કલ્યાણ માટે ઈશ્વરને પ્રાર્થના કરવા અનેક પરંપરા વિકસાવવામાં આવી છે.



થરના રણમાં સફારી માણી રહેલા પ્રવાસીઓને લઈને મોજમાં જઈ રહેલો ઊંટનો કાફલો

# વર્ષાઋતુનું સંગીત

**તમારા સ્મૃતિપટ પર હંમેશ માટે છવાઈ જાય એવા એવા રસ અને અર્થથી ભરપૂર અનુભવોને વર્ણવવા રાજસ્થાનનું સંગીત એક પ્રભાવક માધ્યમ પૂરું પાડે છે. ખાસ કરીને વર્ષાઋતુ અને એના સૌંદર્યને વર્ણવતાં ગીતો રાજસ્થાનનો એક બેજોડ વારસો છે. ચોમાસું અને સંગીતના આ પવિત્ર સંબંધને માગણિયાર સમુદાયનાં ગીતોમાં માણી શકાય છે, જે આ મોસમના ઉત્કૃષ્ટ વિવરણ માટે પ્રખ્યાત છે. આ ગીતોના શબ્દોમાં વણેલા હોય છે ત્યાંના ભૌગોલિક વાતાવરણના અનેક સંદર્ભ, ખાસ કરીને અહીંનાં રણ કે જે રાજસ્થાનની મોનસૂન લોકગીતોની પ્રથાને ભારતના અન્ય ભાગોથી અલગ પાડે છે. સુપ્રસિદ્ધ લોકસંગીતકાર ચુગ્ગે ખાન સમજાવે છે એમ, છ મુખ્ય રાગ અને ૩૬ રાગિણીના બનેલા મેઘ રાગમાં ગાવામાં આવતાં ગીત આ વરસાદી મોસમનાં સૌથી મહત્ત્વનાં ગીતોમાંનાં એક છે. એ સિવાય દેશ, મલ્લારી, સારંગ ને સોરઠ જેવાં અનેક ગીતો છે.**



સમગ્ર રાજ્યમાં ઠેર ઠેર વર્ષાઋતુના આગમનને વધાવતાં અનેક લોકગીતો ને નૃત્યોનું સમૃદ્ધ પ્રદર્શન માણવા મળે છે. આ સંગીત અને નૃત્ય રાજસ્થાનની પ્રાચીન સંસ્કૃતિમાંથી જ ઊતરી આવેલી એક વિશેષ શાખા છે, જે ખાસ ચોમાસાની મોસમના અનુભવો તેમ જ આ સમયે નાચતી-ગાતી કુદરતને વર્ણવે છે.

## ઉદયપુર

ફળદ્રુપ ગીરવા ખીણના ખોળે વસેલું, પ્રાચીન અરવલ્લી પર્વતમાળાથી ઘેરાયેલું આ મનોહારી, સરોવરનું શહેર તરીકે પ્રખ્યાત એવું ઉદયપુર પરીકથાઓમાં નિહાળવા મળતા મહેલોનો અનુભવ કરાવશે. ચોમાસામાં રાજસ્થાનમાં માણવાલાયક સ્થળોમાં ઉદયપુર મોખરે છે. આ નયનરમ્ય શહેરને જે પાંચ સરોવર શણગારે છે એમાંનું એક **પિછોલા લેક** એક કૃત્રિમ જળાશય છે. છેક ૧૩૬૨માં બાંધવામાં આવેલું આ સરોવર તથા આસપાસનો પરિસર ચોમાસામાં પર્યટકોનું માનીતું સ્થળ બની રહે છે. એવું કંઈ **ફતેહસાગર**નું પણ છે. બોટસવારી પણ નીલમ જેવી ટેકરીઓ અને કિનારે આવેલા આલીશાન મહેલોનાં ભવ્ય દૃશ્યો પૂરાં પાડે છે.



લેક પિછોલા, ઉદયપુર

ઉદયપુરમાં **સહેલીઓં-કી-બાડી** દ્વારા ભવ્ય **હરિયાલી અમાવસ્યા મેળા**નું આયોજન કરવામાં આવે છે. શ્રાવણ અમાવસ્યા તરીકે પણ જાણીતો આ મેળો એ શ્રાવણ મહિનાની અમાસના દિવસે ઊજવવામાં આવે છે, જે અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે જુલાઈ કે ઑગસ્ટ મહિનામાં આવે છે. હરિયાલી તીજના ત્રણ દિવસ પહેલાં આવતી હરિયાલી અમાવસ્યા લાંબા ઉનાળા પછી ચોમાસાના આગમન અને પૃથ્વીના પુનરુત્થાનને ઊજવતો ઉત્સવ છે. સીઝનમાં સારા, મબલક પાક માટે અને દુકાળથી રક્ષણ માટે અહીં દેવતાઓને પ્રાર્થના કરવામાં આવે છે. આ પ્રસંગે છોડ વાવવા એને શુભ ગણવામાં આવે છે. આ પ્રથાની શરૂઆત મહારાણા ફતેહસિંહ દ્વારા ફતેહસાગર સરોવરનાં બાંધકામની પૂર્ણાહુતિ પર કરવામાં આવી હતી. મેળામાં અનેક આદિવાસી સમુદાયો પણ એમના સાંસ્કૃતિક પહેરવેશમાં જોડાય છે.

નજીકમાં જ આવેલો **સજ્જનગઢ મોનસૂન**



નક્કી લેક, માઉન્ટ આબુ



નવલ સાગર લેક, બુંદી



વૉટરફૉલ, બાંસવાડા

**પેલેસ** પણ જોવાલાયક છે. ચોમાસાના પ્રસ્થાનનાં અદ્ભુત દૃશ્યો નિહાળવા માટે અહીં એક ખાસ ટ્રેક તૈયાર કરવામાં આવ્યો છે. ચોમાસામાં કાળાંભમ્મર વાદળ તળે એક પેન્ટિંગ સમાન ઉદયપુરનાં સરોવરો, મહેલો અને ઉમદા પરિવેશનો એક ભવ્ય નજારો અહીંથી મળે છે, જે જોઈને તમે મંત્રમુગ્ધ થઈ જશો. વરસાદ પછી લીલોછમ્મ બની જતો **સજ્જનગઢ જૈવિક ઉદ્યાન** પણ અચૂક માણવા જેવો છે.

## માઉન્ટ આબુ

સમૃદ્ધ હરિયાળી અને સૂર્યમાં હીરાની જેમ ચમકતું જળાશય ધરાવતું માઉન્ટ આબુ રાજ્યનું એકમાત્ર હિલસ્ટેશન છે, જે સાવ અલગ જ અનુભૂતિ કરાવે છે. ચોમાસામાં અહીં શહેરની ભીડભાડથી દૂર નિરાંતવાં ઠેકાણે વૃક્ષો પર પક્ષીનાં મધુર ગીતો સાંભળવા મળે છે, જ્યારે શહેરી વિસ્તારમાં બાલમજી મ્હારા અને પ્રખ્યાત 'ઝીરમીર બરસે મેહ' જેવાં પ્રેમ અને ઝંખનાને વ્યક્ત કરતાં વર્ષાગીતો તીજની ઉજવણી દરમિયાન ગવાતાં રહે છે. અહીંના અતિપ્રસિદ્ધ **નક્કી લેક**માં નૌકાવિહાર તથા નજીકમાં આવેલા **વૉટરફૉલ્સ**નાં મનોહારી દૃશ્યો માણવા તેમ જ **માઉન્ટ આબુ વાઈલ્ડલાઈફ સેન્ક્ચુરી**માં ફરવું એ અહીં આવતા દરેક પ્રવાસીની યાદીમાં હોય છે. અલૌકિક અનુભૂતિ કરાવતાં **દેલવાડાનાં જૈન મંદિરો** પણ માણવાલાયક છે.

## બાંસવાડા

માહી નદીના કિનારે વસેલું આ શહેર સો ટાપુના શહેર તરીકે પણ પ્રખ્યાત છે. બાંસવાડાને એનું નામ અહીં વિપુલ માત્રામાં ઊગતા વાંસનાં જંગલો પરથી મળ્યું છે. વરસાદની ઋતુમાં **માહી ડેમ**ના દરવાજા ખુલ્લા મુકાતાં આ સ્થળ પિકનિક માટેની જાણીતી જગ્યા બની જાય છે. અહીંના **રાજમંદિર** અથવા સિટી પેલેસ પરથી ઝરમર વરસતો વરસાદ માણવો પણ એક અનેરો લહાવો છે. ઉપરથી વીજળીની જેમ પડતો **જુઆ ફૉલ્સ** એક અન્ય આકર્ષણ છે. સાથે સાથે ડેમનો અંતરિયાળ વિસ્તાર, **ચાચા કોટા બૅકવૉટર** અનેક સમૃદ્ધ વનવાળા નાના-નાના ટાપુઓથી ભરેલો છે. અહીં વરસાદનાં પાણીથી સર્જાતા ધોધવાળી અનેક ટેકરીઓ પણ છે.

અનેક પક્ષીઓને આકર્ષિત કરતા કાગદી તળાવને ઘેરતું **બાંસવાડા કાગદી પિકઅપ** એક સુંદર ઉદ્યાન છે, જ્યાં તમે તાણમુક્ત બનીને ફરી શકો છો. **આનંદ સાગર લેક**ની મુલાકાત ત્યાંનાં પવિત્ર **કલ્પવૃક્ષો** માટે લેવી જ જોઈએ.

**વરસાદમાં જોવાલાયક અન્ય સ્થળોઃ** જગમેરુ ટેકરીઓ, કલાટિયા ભૈરવ (કે.બી. ટેકરીઓ)

**અન્ય મુખ્ય ઝરણાંઃ** ઝોલા ધોધ, સિંગપુરા ધોધ, કડેલિયા ધોધ.

## બુંદી

હડોતીની મધ્યયુગીન આર્ટ ગૅલરી સમું બુંદી એના મોનસૂન અવતારમાં વધારે મોહક લાગે છે. વરસાદ જાણે આ પૌરાણિક શહેરને ધોઈને ચમકાવી દે છે ને એ સમયે અહીંના વૈવિધ્યસભર રંગો ઊડીને આંખે વળગે છે. વર્ષાઋતુના રોમાંચને વર્ણવતાં બુંદીનાં લઘુચિત્રો સુંદર રંગો અને ઝીણવટથી ભરપૂર છે.

અન્ય આકર્ષણનાં કેન્દ્રોમાં સમાવેશ થાય છે અહીંની બાવડીઓ-**રાનીજી**



ગરડિયા મહાદેવ, કોટા



ગાગ્રોન ફોર્ટ, ઝાલાવાડ



તીજ ફેસ્ટિવલ, જયપુર

**કી બાવડી** અને **ધબાઈકુંડ** તથા **નવલ સાગર** જેવાં સરોવરોનો, જ્યાં વર્ષાના દેવતા વરુણની અર્ચના માટે એક મંદિર છે તેમ જ જૈત સાગર કે જેમાં વરસાદ પછી કમળનાં ફૂલોની એક નયનરમ્ય ચાદર પથરાઈ જાય છે.

૧૫૦ ફૂટ ઊંચેથી પડતા ધોધ, **ભિમલત વૉટરફૉલ્સ**નો વૈભવ પણ અચૂક માણવા જેવો છે. અરવલ્લીમાં આવેલી **રામેશ્વર**ની ગુફામાં એક શિવ ભગવાનનું મંદિર આવેલું છે, જેની પાસે જ એક મનને મોહી લે એવું ઝરણું છે, જે અહીં એક કુંડનું નિર્માણ કરે છે. મધ્યયુગીન પથ્થરમાંથી કંડારવામાં આવેલાં ચિત્રો આ મંદિરને શણગારે છે.

આખું રાજસ્થાન તીજનો તહેવાર શ્રાવણ મહિનામાં ધામધૂમથી ઊજવે છે, પણ બુંદી આ તહેવારની ભવ્ય ઉજવણી ભાદરવા મહિનામાં કરે છે. આ ઉજવણીમાં તીજ માતાની ભવ્ય શોભાયાત્રા નીકળે છે.

## કોટા

ધસમસ વહેતી **ચંબલ નદી**નાં અદ્ભુત દૃશ્યોથી લઈને આ પવિત્ર નદીના કિનારે સ્થાપિત પ્રાચીન મંદિરોથી છલકાતું કોટા એક ચમત્કૃત સ્થળ છે. અહીં તમને તાજગીથી ભરી દે એવો વરસાદ માણવા મળે છે. શહેરથી ૬૦ કિલોમીટર દૂર રાવતભાટામાં આવેલા **પડાઝર વૉટરફૉલ્સ** વિશે આજે પણ બહુ ઓછા લોકો જાણતા હોવાથી આ શાંત જગ્યાએ તમે એકાંત માણી શકો છો. અહીંના શિવમંદિરમાં તમે પ્રાર્થના કરી શકો છો. **ગરડિયા મહાદેવ**થી અરવલ્લી અને વિંધ્યાચલની પર્વતમાળા જ્યાં મળે છે એવા લીલાં જંગલમાંથી પસાર થતા ચંબલ દ્વારા ઘોડાની નાળના આકારની ખાઈ દેખાય છે.

## ઝાલાવાડ

રાજસ્થાનના ચેરાપુંજી તરીકે ઓળખાતા ઝાલાવાડમાં વહેતી આહુ અને કાલીસિંધ નદીના સંગમ જ્યાં થાય છે ત્યાં *યુનેસ્કો* દ્વારા વિશ્વ હેરિટેજ સાઈટ્સમાં સમાવિષ્ટ **ગાગ્રોન ફોર્ટ** આવેલો છે. ભારતમાં અતિ દુર્લભ ગણાતા જલદુર્ગ (પાણી દ્વારા આરક્ષિત) તેમ જ વનદુર્ગ (વન દ્વારા આરક્ષિત) કિલ્લાઓમાંનો એક આ છે. આ અદ્ભુત સ્થાપત્ય ઉપરથી પસાર થતાં કાળાં વાદળ અને આસપાસ વરસાદનાં પાણીથી લીલાંછમ્મ વૃક્ષોની કલ્પના કરવી પણ રમ્ય છે. શાંત ને સુંદર ચંદ્રભાગા નદી પાસે સંધ્યાનો આનંદ લૂંટવા જેવો છે અને અહીંના મંદિરમાં આરતીમાં જોડાવાનો લહાવો પણ માણવા જેવો છે.

## જયપુર

જયપુરમાં તો ચોમાસાને એક અદમ્ય ઉત્સાહથી વધાવવામાં આવે છે. વર્ષાઋતુના આગમને પ્રથમ વરસાદ વખતે અહીં તહેવારનું વાતાવરણ હોય છે, કેમ કે વર્ષાના આગમનથી મહિનાઓથી તપતી ને તરસી જમીનની તૃષા સંતોષાય છે. અહીંનો પર્યટન વિભાગ તીજ ફેસ્ટિવલનું આયોજન કરે છે. ચળકતાં આભૂષણોથી સજ્જ રથ તીજ માતાની સવારી બને છે ને એટલા જ ઠાઠથી શણગારેલાં ઊંટ, હાથી અને બળદનાં ગાડાંથી તથા સાથે સાથે બૅન્ડવાજાં ને અનેકવિધ રંગોવાળા પોશાકમાં સજ્જ ગાયકો તથા નર્તકોનો સમૂહ આ ભવ્ય શોભાયાત્રા લઈને નીકળે છે. આ યાત્રા શહેરમાં આવેલા મહેલના ત્રિપોલિયા દ્વારથી નીકળી ત્રિપોલિયા બજાર, છોટી ચૌપાડ અને ગણગૌરી બજારમાંથી પસાર થઈને ચોગાન સ્ટૅડિયમ ને અંતે તાલકટોરા સુધી જાય છે. □